**AAE-212** Seat No.________

# B. A. (Sem. V) Examination

## October / November - 2016

## Gujarati : CC - 507

## (ભાષાના સ્વરૂપનો અભ્યાસ - ૧)

Time : 3 Hours] [Total Marks : 70

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ ભાષાનું સ્વરૂપ સમજાવી, તેની સ્વરૂપગત લાક્ષણિકતાઓની ચર્ચા કરો. ૧૪

**અથવા**

૧ ભાષાનું માનવવ્યવહારમાં સ્થાન સ્પષ્ટ કરી ભાષાની ઉપયોગિતા સમજાવો.

૨ સેપિર, હૉલ અને સ્તુર્તવાએ આપેલી ભાષાની વ્યાખ્યાઓની તુલના કરી, તેમાંથી પ્રગટતાં ભાષાનાં લક્ષણોની વિગતે ચર્ચા કરો. ૧૪

**અથવા**

૨ ટૂંકનોંધ લખો :

(૧) ભાષાના સ્વરૂપભેદો.

(૨) ભાષા અને લિપિ.

૩ ભાષા ઉચ્ચારણ પ્રક્રિયામાં ભાગ ભજવતા વાગ્‌વયવોનું સ્થાન સ્પષ્ટ કરી તેમનું કાર્ય સમજાવો. ૧૪

**અથવા**

૩ ભાષાના વિવિધ ઘટકઅંગોનો સોદાહરણ પરિચય કરાવો.

૪ નીચેનામાંથી કોઈ પણ **બે** ટૂંકનોંધ લખો : ૧૪

(૧) ગુજરાતીના સ્પર્શ વ્યંજનો.

(૨) ગુજરાતીના સંઘર્ષી વ્યંજનો.

(૩) ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ.

(૪) ગુજરાતીના માન્યસ્વરો.

૫ ટૂંકમાં જવાબ આપો : (ગમે તે **સાત**) ૧૪

(૧) 'ધ્વનિઘટકો' (Phonemes) કોને કહેવામાં આવે છે ?

(૨) માન્યભાષા અને બોલી વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

(૩) 'રૂપઘટક' (Morpheme) કોને કહેવામાં આવે છે ?

(૪) નાદતંત્રીઓની કઈ અવસ્થામાં ફુસફુસાટ (વ્હીસ્પર) ધ્વનિઓનું નિર્માણ થાય છે ?

(૫) અલ્પપ્રાણ અને મહાપ્રાણધ્વનિઓ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

(૬) ભાષાના કોઈ પણ બે ઉપયોગો લખો.

(૭) ગુજરાતીમાં વપરાતા મરાઠી ભાષાના ચાર શબ્દ-ઉદાહરણ આપો.

(૮) ગુજરાતીના અનુનાસિક ધ્વનિઓ દર્શાવી, તેમની ઉચ્ચારણ-પ્રક્રિયા સમજાવો.

(૯) 'તદ્ભવ' શબ્દો એટલે કેવા શબ્દો ? તેના ચાર ઉદાહરણ આપો.

(૧૦) પાર્શ્વિકધ્વનિઓ કયા કયા છે ? તેમનું ઉચ્ચારણ સ્થાન દર્શાવો.

(૧૧) ગુજરાતીના અર્ધસ્વરો દર્શાવી તેમનું ઉચ્ચારણ સ્થાન જણાવો.

(૧૨) ગુજરાતીમાં કયા કયા કંઠ્યવ્યંજનો છે ?